**જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)**
**જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક) કરાર આધારિત ભરતી**
**સમગ્ર શિક્ષા, વિધા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર ૧૯ - ગાંધીનગર.**

---

## (જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક) કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૧૪૭-ક અને તા. ૦૩/૦૬/૨૦૨૬ સુધારા ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૧૪૭-ક અન્વયે શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ, આશ્રમશાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)" અંતર્ગત શાળા **૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (પ્રાથમિક)" ની ભરતી માટે પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી** તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ લાયકાતો ફરજીયાતપણે માન્ય યુનિવર્સીટી/સંસ્થાઓમાંથી મેળવેલ હોવી જોઇએ. આ પ્રકારની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૨.૦૦ કલાક થી ૧૭/૦૬/૨૦૨૬ ૨૩:૫૯ કલાક સુધી https://pregyansahayak.ssgujarat.org/ વેબસાઇટ પર મૂકવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## અરજી કરતા પૂર્વે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

1) શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-

- સરકારી અને બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક કરાર આધારિત ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૧ થી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ ૬ થી ૮) માટે વિવિધ વિષયો અને માધ્યમની TET ૨ અને નિમ્ન પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૫) માટે વિવિધ માધ્યમની TET ૧ પરીક્ષા લેવામાં આવેલ છે. તે પૈકી જે ઉમેદવારે જે વિષય અને માધ્યમની TET ૨ પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમ માટે ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ ૬ થી ૮) માટે ઉમેદવારી નોંધાવી શકશે. તેમજ જે ઉમેદવારે જે માધ્યમમાં TET ૧ પરીક્ષા પાસ કરેલ હોય તે જ માધ્યમ માટે નિમ્ન પ્રાથમિક શાળાઓમાં (ધોરણ ૧ થી ૫) ઉમેદવારી નોંધાવી શકશે. આ ઉપરાંત જે તે વિષય અને માધ્યમમાં તેઓએ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત મેળવેલી હોવી જોઇશે.

- ઉમેદવાર સરકારી અને બિનસરકારી અનુદાનિત પ્રાથમિક શાળામાં જ્ઞાન સહાયકની કરાર આધારિત નિમણુંક માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત ધરાવતો હોવો જોઈએ.

2) જિલ્લા પસંદગી અને સ્થળ ફાળવણી :-

- ઉમેદવાર અરજી કરતા સમયે જે જિલ્લામાં જ્ઞાન સહાયક તરીકે જોડાવા ઈચ્છે છે તે મુજબ જિલ્લા પસંદગી કરવાની રહેશે. જેમાં ઉમેદવારને કોઇપણ એક જિલ્લો પસંદ કરવાનો રહેશે.
- ઉમેદવારોએ જે વિષય અને માધ્યમની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમની જગ્યાઓ માટે જિલ્લો પસંદ કરવાનો રહેશે.
- ઉમેદવારોએ કરેલ જિલ્લા પસંદગીના આધારે જિલ્લાવાર મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- જિલ્લાવાર ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) અને નિમ્ન પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) અલગ- અલગ મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરી જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ કરવામાં આવશે. જેના આધારે જિલ્લામાં વિષયવાર અને માધ્યમવાર ખાલી જગ્યાઓ પર જરૂર મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવશે અને સ્થળ પસંદગી કરવાની રહેશે.
- જિલ્લાવાર ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) અને નિમ્ન પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) અલગ- અલગ મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવાર માટે સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગેની સુચના જિલ્લા કક્ષાએથી આપવામાં આવશે. નિયત કરેલ સમયગાળામાં ઉમેદવારોએ સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે.
- જો કોઈ જિલ્લામાં TET ૨ પાસ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) માં મેરીટ યાદી અને પ્રતીક્ષા યાદીમાં ઉમેદવારો ઉપલબ્ધ ના હોય અને TET ૧ પાસ હોય તેવાં નિમ્ન પ્રાથમિકમાં (ધોરણ ૧ થી ૫) ની મેરીટ યાદી અને પ્રતીક્ષા યાદીમાં ઉમેદવારો ઉપલબ્ધ હોય તો TET ૧ પાસ હોય તેવાં નિમ્ન પ્રાથમિકમાં (ધોરણ ૧ થી ૫) ના ઉમેદવારોને ઉચ્ચ પ્રાથમિકમાં (ધોરણ ૬ થી ૮) ની શાળા પસંદગી કરાવી શકાય.
- જો કોઈ જિલ્લામાં TET ૧ પાસ નિમ્ન પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) ની મેરીટ યાદી અને પ્રતીક્ષા યાદીમાં ઉમેદવારો ઉપલબ્ધ ના હોય અને TET ૨ પાસ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ

૬ થી ૮) માં મેરીટ યાદી અને પ્રતીક્ષા યાદીમાં ઉમેદવારો ઉપલબ્ધ હોય તો TET ૨ પાસ હોય તેવાં ઉચ્ચ પ્રાથમિકમાં (ધોરણ ૬ થી ૮) ના ઉમેદવારોને નિમ્ન પ્રાથમિકમાં (ધોરણ ૧ થી ૫) ની શાળા પસંદગી કરાવી શકાય.

- ઉમેદવારોએ અરજી સાથે દર્શાવેલ લાયકાત મુજબના ડોક્યુમેન્ટસ સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે દર્શાવવામાં આવશે. ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે અને મેરીટ યાદીમાંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે.
- જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે.

3) ઉચ્ચક માનદ વેતન (માસિક):-

- સરકારી પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક (કરાર આધારિત) માસિક ફીક્સ રૂા.૨૧,000/- ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે.

4) વયમર્યાદા:-

- ઉમેદાવારની મહત્તમ વયમર્યાદા (અરજીની છેલ્લી તારીખે) ૪૮ વર્ષ રહેશે.

5) ભરવાપાત્ર જગ્યાઓ:-

- જિલ્લાવાર ખાલી જગ્યાઓના આધારે જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓ મુજબ મેરીટના ધોરણે જિલ્લામાંથી ઉમેદવારોને સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવશે અને શાળા પસંદગી કરાવી શાળા ફાળવણીની તમામ પ્રક્રિયા જિલ્લા કક્ષાએ કરવામાં આવશે.
- સદર જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ જગ્યાઓ ફેરફારને આધીન છે. કોઈપણ ખાલી જગ્યા રદ કરવા અંગેનો સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

6) કરારનો સમયગાળો

- ગુજરાત રાજયની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ, આશ્રમશાળાઓની કામગીરીનો કરાર ૧૧ માસ (વેકેશન સિવાય) સુધીનો રહેશે. ૧૧ માસનો કરારનો સમય પૂર્ણ થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.
- રાજ્ય કક્ષાએથી આપેલ સુચના અનુસાર કરાર રદ/ પુનઃ કરાર (રીન્યુ) ની પ્રક્રિયા કરવાની રહેશે.

7) અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

2. લાયકાત ધરાવતા ઉમેદવારો ગુજરાત રાજયની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ, આશ્રમશાળાઓમાં (કરાર આધારિત) ભરતી માટે ઉમેદવારોએ તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૨.00 કલાક થી ૧૭/૦૬/૨૦૨૬ ૨૩:૫૯ કલાક વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી કરી શકશે.

3. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.

4. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

5. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સક્રીય રાખવો. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

6. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

7. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફોર્મ ભર્યેથી નોકરી મળી જ જશે તેવુ માનવું નહી.

8. નિયત સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી અર્થે હાજર ન રહેનાર ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

9. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ

તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

10. ગુણાંકન દર્શાવવા અંગેની સુચનાઓ

કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિધાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિધાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય તેવા હેતુથી કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

- ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણજ દર્શાવવા, જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ તથા મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ પોતાની માર્કશીટમાં દર્શાવેલ વિગત પસંદ કરી ભરવાની રહેશે.

દા.ત. કોઇ ઉમેદવારની માર્કશીટમાં CGPA દર્શાવેલ છે તો કુલ અને મેળવેલ CGPA ની વિગતો દર્શાવવાની રહેશે.

11. કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

12. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતીના જે તે તબક્કે માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

13. કોઇ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

14. જે ઉમેદવાર ઓનલાઈન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. જ્ઞાન સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.

15. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે અને કોઈપણ સંજોગોના કારણે કોઈપણ સંજોગોમાં આપેલ માહિતી ખોટી, અધૂરી કે ભૂલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધૂરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલી ગણાશે અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

16. ઉમેદવારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર ફરજીયાત આપવાના રહેશે અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ ઉમેદવારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે ઉમેદવારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

17. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાના પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

18. જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સીટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

19. આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી ગણાશે.